# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ,રાજકોટ-૩૬૦ ૦૦૧

===========================================================================

-: અખબારી યાદી:-

## માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે રૂ. ૧૧૮ કરોડના "લાઈટ હાઉસ" પ્રોજેક્ટનું ઈ-ખાતમુહૂર્ત કરાયું

**દેશમાં હાઉસિંગ કન્સ્ટ્રકશન ક્ષેત્રે નવી દિશા બતાવતા પ્રકાશ સ્તંભ સમી નવી ટેકનોલોજીના ઉપયોગથી રાજકોટ સહિત દેશના કુલ છ શહેરોમાં પૂરપાટ ઝડપે અત્યાધુનિક આવાસ યોજનાઓનું થશે નિર્માણ:માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી**

## રાજકોટમાં લાઈટ હાઉસ પ્રોજેક્ટ એવી રીતે અમલમાં આવશે કે તે દેશના અન્ય રાજ્યો માટે નવું મોડેલ બને : માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

## પ્રધાનમંત્રી આવાસ યોજના  શહેરી ક્ષેત્ર અંતર્ગત ગુજરાતને પોલિસી ઈનીશીએટીવ એવોર્ડ પ્રાપ્ત થયો

તારીખ: ૧-૧-૨૦૨૧




રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૈયા સ્માર્ટ સિટી એરિયા ખાતે રૂ. ૧૧૮ કરોડના ખર્ચે નિર્માણ પામનાર "લાઈટ હાઉસ " પ્રોજેક્ટ આવાસ યોજનાનું ઈ-ખાતમુહૂર્ત માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ શુભ અવસરે રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહયા હતાં.

આ ઐતિહાસિક અવસરે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના પ્રાસંગિક ઉદબોધનમાં એમ કહ્યું હતું કે, દેશમાં હાઉસિંગ કન્સ્ટ્રકશન ક્ષેત્રે નવી દિશા બતાવતા પ્રકાશ સ્તંભ સમી નવી ટેકનોલોજીના ઉપયોગથી રાજકોટ સહિત દેશના કુલ છ શહેરોમાં પૂરપાટ ઝડપે અત્યાધુનિક આવાસ યોજનાઓનું નિર્માણ કરી શકાશે. દેશમાં ઝડપી વિકાસ માટે કાર્ય પ્રણાલીઓમાં આમૂલ પરિવર્તન લાવવામાં આવી રહયું છે. જે અંતર્ગત આપણે જરીપૂરાણી

હાઉસિંગ કન્સ્ટ્રકશન ટેકનોલોજી બદલીને હવે નવી ટેકનોલોજીના સહારે પર્યાવરણ સાથે તાલ મિલાવતા, આપત્તિ પ્રતિરોધક, આવશ્યક સુવિધાઓથી સજ્જ હાઉસિંગ પ્રોજેક્ટ સાકાર થશે.

તેમણે વધુમાં એમ જણાવ્યું હતું કે, અગાઉના સમયમાં કેન્દ્ર સરકારમાં આવાસ નિર્માણને પ્રાથમિકતા આપવામાં આવતી ન્હોતી, પરંતુ એ અભિગમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. કોઈ પણ ગરીબ કે મધ્યમવર્ગીય વ્યક્તિનું સ્વપ્ન હોય છે ઘરનું ઘર. જે તેના આત્મસન્માન સાથે જોડાયેલ છે. સને :૨૦૨૨ સુધીમાં દેશમાં સૌને ઘરનું ઘર મળી રહે તે માટે કેન્દ્ર સરકારે એક મિશનના રૂપમાં હાઉસીંગ ક્ષેત્રને પ્રાધાન્ય આપ્યું. ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ હેઠળ વિશ્વભરની કંપનીઓને આમંત્રણ આપ્યું અને તેમની નવી નવી ટેકનોલોજીનો અભ્યાસ શરૂ કરાયો હતો. જે પૈકી ભારતને અનુકુળ આવે તેવી ૫૪ જેટલી નવી ટેકનોલોજીની મદદથી દેશમાં આજથી કુલ ૬ શહેરોમાં લાઈટ હાઉસ પ્રોજેક્ટ નો પ્રારંભ થયો છે. જેની મદદથી ઝડપથી અત્યાધુનિક, એફોર્ડેબલ અને આપદા પ્રતિરોધક મકાનોનું નિર્માણ થશે. આ નવા બાંધકામોનું જીઓ ટેગીંગ પણ થશે. આ નવી ટેકનોલોજી સમગ્ર દેશમાં વિસ્તરી શકે છે. ગરીબોને પ્રાપ્ત થતા નવા શાનદાર આવાસના દરવાજાની ચાવી તેમના મગજની ચાવી પણ પૂરવાર થાય છે. આત્મસન્માન સાથે લાભાર્થી પોતાના ભાવી વિકાસ અને પ્રગતિની દિશામાં વિચારતા થયા છે. સૌ સન્માનથી જીવે એ તેમનો અધિકાર છે.

માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરની યુનિવર્સિટીઓ, કોલેજો અને અન્ય સંબંધિત સંસ્થાઓને આ લાઈટ હાઉસ પ્રોજેક્ટમાં ઉપયોગમાં લેવામાં આવી રહેલી નવી નવી ટેકનોલોજીનો અભ્યાસ કરવા અને આ ટેકનોલોજી વધુ અસરકારક કઈ રીતે થઇ શકે અને તેમાં નવું શું ઉમેરી શકાય તે દિશામાં કાર્ય કરવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. હાઉસિંગ સેક્ટરમાં આવી રહેલી પ્રગતિથી તેની સાથે જોડાયેલા વિવિધ સેક્ટરમાં પણ પ્રગતિ આવે છે અને નવી રોજગારીની તકો પ્રાપ્ત થાય છે.

તેમણે વધુમાં એમ પણ ઉમેર્યું હતું કે, આજે દેશમાં "રેરા" હેઠળ કુલ ૬૦,૦૦૦ થી વધુ પ્રોજેક્ટ નોંધાઈ શુક્યા છે. લાભાર્થી કે ગ્રાહકને હવે કડક કાનૂનનો સાથ મળ્યો છે. અગાઉ આવી પરિસ્થિતિ ન્હોતી. ગ્રાહકને પોતાના પૈસાની સલામતીની ચિંતા રહેતી હતી. આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. "રેરા" કાનૂને તેઓમાં આત્મવિશ્વાસ જગાવ્યો છે અને તેમના રોકાણને સુરક્ષા આપી છે. કેન્દ્ર સરકારે વચેટિયાની ભૂમિકાઓ સમાપ્ત કરી લાભાર્થીઓના બેંક ખાતામાં સીધી જ રકમ જમા કરાવવાની પ્રણાલી અપનાવી છે. કોરોના કાળમાં સરકારે હોમ લોનના વ્યાજમાં છૂટ અપાવી હતી. માત્ર એટલું જ નહી સરકારે પાછલા વર્ષમાં રિફોર્મ્સ અપનાવ્યા અને સસ્તા દરે કરજ મળે તેવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે. જી.એસ.ટી. દરમાં પણ ઘટાડો કર્યો છે. કન્સ્ટ્રકશન પરમીટ ઓનલાઈન કરી છે. જેમાં ૨૦૦૦ થી વધુ શહેરોને આવરી લીધા છે ને બાકી રહેલા શહેરોને ક્રમશ: આવરી લેવામાં આવી રહયા છે.

માન. પ્રધાનમંત્રીશ્રીએ અન્ય એક મહત્વપૂર્ણ બાબત જાહેર કરતા એમ કહ્યું હતું કે, એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં કામે જતા શ્રમિકોને પરવડે તેવા દરથી ભાડાના મકાન મળી રહે એ માટે એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ યોજના પણ શરૂ કરી છે. અગાઉ શ્રમિકોને આશરો ન્હોતો મળતો પણ હવે એ પ્રશ્નનું નિરાકરણ પણ લાવવામાં આવેલ છે.

આ અવસરે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લાઈટ હાઉસ પ્રોજેક્ટ ગુજરાતને ફાળવવા બદલ માન. પ્રધાનમંત્રીશ્રી પ્રત્યે આભાર પ્રગટ કરતા એમ જણાવ્યું હતું કે, રાજકોટમાં લાઈટ હાઉસ પ્રોજેક્ટ હેઠળ નવી ટેકનોલોજીના સહારે રૂ. ૧૧૮ કરોડના ખર્ચે ૧૧૪૪ આવાસોનું નિર્માણ થશે. આજથી થોડા વરસો પૂર્વે સામાન્ય માનવી માટે પોતાનું મકાન ખરીદ કરવું એક ચિંતાનો વિષય હતો. ગરીબોની તો કોઈ વાત જ ન્હોતું કરતું પરંતુ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબો અને મધ્યમ વર્ગના લોકોની સુખાકારીમાં વૃદ્ધિ પર ભાર મુક્યો છે. તેમણે પરવડે તેવા સસ્તા મકાનો આપવા એક જબરદસ્ત સેવા યજ્ઞ હાથ ધરેલો છે. રાજકોટમાં લાઈટ હાઉસ પ્રોજેક્ટ એવી રીતે અમલમાં આવશે કે તે દેશના અન્ય રાજ્યો માટે નવું મોડેલ બને.

માન. મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ વધુમાં એમ કહ્યું હતું કે, આજે ગુજરાતને અલગ અલગ કેટેગરીમાં કુલ ત્રણ એવોર્ડ પ્રાપ્ત થયા છે તે ગુજરાત માટે સન્માનની વાત છે. પ્રધાનમંત્રી આવાસ યોજના  શહેરી ક્ષેત્ર અંતર્ગત ગુજરાતને પોલિસી ઈનીશીએટીવ એવોર્ડ પ્રાપ્ત થયો છે. ગુજરાતે આ માટે એફોર્ડેબલ હાઉસિંગ પોલિસી બનાવેલી છે. બીજો એવોર્ડ ખાનગી જમીન પર બેસ્ટ એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ માટે છે, જેમાં રાજ્યમાં ૪૨૦૦૦ થી વધુ આવાસો માટે મંજુરી આપવામાં આવેલી છે. જ્યારે ત્રીજો એવોર્ડ ઇન-સીટુ સ્લમ્ રીહેબીલીટેશન માટે છે જેમાં ૬૦૦૦૦થી વધુ નવા મકાનો માટે અનુમતિ આપવામાં આવેલી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૭૨૯૦૦૦ મકાનોના નિર્માણની મંજુરી આપવામાં આવેલી છે.આ ઉપરાંત ક્રેડિટ લિંક સબસિડી અંતર્ગત ૨૭૫૦૦૦ થી વધુ લાભાર્થીઓને ઘર ખરીદ કરવા લોન પર સબસિડી આપી છે. જે માટે કેન્દ્ર સરકારશ્રીએ ગુજરાતને પ્રથમ સ્થાન પર સન્માનિત કરેલ છે.જે આપણા માટે ગૌરવની વાત છે.

આ પ્રસંગે કેન્દ્રના આવાસ અને શહેરી બાબતોના વિભાગના માન. મંત્રીશ્રી હરદીપસિંહ પુરી, ગુજરાતના નર્મદા અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી શ્રી યોગેશભાઈ પટેલ , સાંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા , ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી , ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી , પ્રદેશ ભાજપ અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજ , પૂર્વ મેયરશ્રી બિનાબેન આચાર્ય, જિલ્લા કલેકટરશ્રી રેમ્યા મોહન અને પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ , હાઈસિંગ અને નિર્મળ ગુજરાત, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સેક્રેટરીશ્રી લોચન સહેરા અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ ઉપસ્થિત રહયા હતાં.

# ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ-લાઈટ હાઉસ પ્રોજેક્ટ

ભારત દેશના પ્રધાનમંત્રીશ્રી દ્વારા સને ૨૦૨૨ સુધીમાં સૌને ઘરનું ઘર મળી રહે તે માટે સને ૨૦૧૫ માં પ્રધાનમંત્રી આવાસ યોજના જાહેર કરવામાં આવેલ છે. સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વિવિધ ઘટકો અંતર્ગત લાભાર્થી આવાસ મેળવી શકે છે. સને ૨૦૨૨ સુધીમાં સૌને ઘરનું ઘર મળી રહે તે માટે ઝડપથી આવાસો બનાવવા જરૂરી છે. જે ધ્યાને લેતા દેશભરમાં નવીનતમ ટેકનોલોજીનો ઉપયોગ કરીને એકીસાથે ઓછા સમયમાં વધુ પ્રમાણમાં આવાસો બનાવવામાં આવે તેવું કેન્દ્ર સરકાર દ્વારા સુચન કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકારશ્રી ના મીનીસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ વિભાગ દ્વારા વિશ્વભરમાં પ્રચલિત જુદી-જુદી ટેકનોલોજી વિશે અભ્યાસ કરવામાં આવેલ તેમજ ભારતમા અનુકુળ એવી ૫૪ ટેકનોલોજીને અલગ તારવવામાં આવેલ. આ અદ્યતન ટેકનોલોજીથી આવાસો બનાવવા માટે ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ-લાઈટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત સમગ્ર દેશમાં ફક્ત ૬ શહેરો રાજકોટ (ગુજરાત) , લખનઉ (ઉત્તરપ્રદેશ), રાંચી (ઝારખંડ), અગ્રતલા (ત્રિપુરા), ઇન્દોર (મધ્યપ્રદેશ) અને ચેન્નાઈ (તમિલનાડુ) ની પસંદગી કરવામાં આવેલ છે. ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ-લાઈટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત ઉપરોક્ત ૬ શહેરોમાં ૬ જુદી-જુદી ટેકનોલોજીના આધારે આવાસો બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરીને એજન્સીની નિમણુક કરવામાં આવેલ છે. સમગ્ર કામગીરી MoUHA (મિનિસ્ટ્રી ઓફ અર્બન એન્ડ હાઉસિંગ અફેર્સ) ના વડપણ હેઠળ BMTPC (બિલ્ડીંગ મટીરીયલ્સ એન્ડ ટેકનોલોજી પ્રમોશન કાઉન્સિલ) દ્વારા કરવામાં આવનાર છે. જેમાં ગુજરાત સરકાર તરફથી એફોર્ડેબલ હાઉસિંગ મિશનના કાર્યક્ષેત્ર હેઠળ કામગીરી કરવામાં આવનાર છે

રાજકોટ મહાનગરપાલિકા સ્માર્ટસીટી વિસ્તારમાં ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ-લાઈટ હાઉસ પ્રોજેક્ટ આવાસ યોજનાનું મોનોલીથીક પ્રકારનું બાંધકામ ટનલ ફોમવર્ક ટેકનોલોજીના આધારે કરવામાં આવશે. જેથી આવાસ યોજનાની કામગીરી સારી અને ઝડપી બનશે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂ. ૧.૫ લાખ તેમજ રાજ્ય સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂ. ૧.૫ લાખ ની સહાય આપવામાં આવનાર છે. આ ઉપરાંત નવી ટેકનોલોજીના ઉપયોગ માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂ. ૪.૦૦ લાખની વિશેષ ટેકનોલોજી ઇનોવેશન ગ્રાન્ટ આપવામાં આવનાર છે. સ્માર્ટસીટી એરિયામાં ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ-લાઈટ હાઉસ પ્રોજેક્ટ માટે રૂ. ૧૧૮ કરોડના ખર્ચે EWS-II (૪૦.૦૦ ચો.મી.) પ્રકારના ૧૧૪૪ આવાસો (G+૧૩) નું નિર્માણ કરવામાં આવનાર છે.

રૈયા સ્માર્ટસીટીના ટી.પી. સ્કીમ નં ૩૨ માં ૪૫ મી. રોડ પર આ પ્રોજેક્ટ સાકાર થવા જઈ રહેલ છે. આ આવાસ યોજના સ્માર્ટસિટી વિસ્તારમાં આવેલ ૩ તળાવો પૈકી એક તળાવ પાસે આવેલ હોય , આવાસ યોજનાના લાભાર્થીઓ માટે એક નવું નજરાણું બની રહેશે. દરેક આવાસમાં ૨ રૂમ , લીવીંગ રૂમ, રસોડું, ટોઇલેટ-બાથરૂમ, વોશિંગ એરિયાની સુવિધા આપવામાં આવનાર છે. તેમજ રસોડામાં પ્લેટફોર્મની નીચે કેબીનેટ અને એક બેડરૂમમાં કબાટ જેવી સુવિધાઓ ઉપરાંત પંખા , LED લાઈટ જેવી સુવિધાઓ પણ આપવામાં આવનાર છે. આવાસોમાં પાર્કિંગ, કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, આંગણવાડી, ગાર્ડન, કોમ્યુનીટી હોલ, કમ્પાઉન્ડ વોલ, સોલાર સ્ટ્રીટ લાઈટ, રેઇન વોટર હાર્વેસ્ટિંગ જેવી સહિયારી સુવિધાઓ પણ આપવામાં આવનાર છે.

(જનસંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા